

દિવાળીનું કાઉન્ટ-ડાઉન : કોરોના કાળમાં દિવાળી કેવી રહેશે એવી અસંમજશતાની વચ્ચે ધીમે ધીમે બજારમાં ચહલપહલ વધતી જાય છે... નાગરિકો પણ હિંમત કરી કોરોનાની આચાર સંહિતા પાળતા દિવાળીના આગમનને પગલે સુશોભન અને દિવડા ખરીદવા આતુર બન્યા છે... હજુ ઘરાકીનો મહોલ જામતો નથી... પરંતુ દિવાળીના વાતાવરણના મંડાણ થઈ રહ્યા છે...

# શહેરમાં કોરોનાના ૧૮ કેસ

**વધુ ૧૭ ડિસ્ચાર્જ : સે. ૧૩ માંથી ૧ વર્ષના ભૂલકા સહિત ૩ કેસ મળ્યા : સે. ૧૪ સે. ૨૮ માંથી ૩-૩ કેસ, સે. ૨૫ અને સે. ૨ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૧, ૨૬, ૨૭, ૭ અને સે. ૫ માંથી પણ કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૮ કેસ મળી આવ્યા છે. આ સાથે કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૧૯૨૧ થઈ છે.

શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને કારણે શહેરમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન થયાની શંકા વધુ ને વધુ પ્રબળ બની રહી છે. શહેરમાં નવા-જુના સેક્ટરો ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૧૩ માંથી ૩, સે. ૧૪ માંથી ૩, સે. ૨૮ માંથી ૩, સે. ૨૫, ૨ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૧, ૨૬, ૨૭, ૭ અને ૫ માંથી પણ કેસો મળી આવ્યા છે. શહેરમાં આજે સંક્રમિત દર્દીઓની યાદીમાં છ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાં પણ મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં મોટી ઉંમરના દર્દીઓ પણ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

સે. ૧ માંથી ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૨ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨ માં રહેતી અને સાયન્સ સીટીમાં ફાર્માસીસ્ટ તરીકે ફરજો બજાવતી ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૫ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૫ માં રહેતા અને સરઢવ ગામે શિક્ષક તરીકે ફરજો બજાવતા ૪૫ વર્ષીય શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૪૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૬ માં રહેતા અને ખાનગી નોકરી કરતા ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી ૩ કેસ મળી આવ્યા છે. આને લઈ તંત્ર પણ આજે ચોંકી ઉઠ્યુ છે. સે. ૧૩ માંથી ૧ વર્ષના નાના ભુલકાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ રાખાયો છે. આ ઉપરાંત સે. ૧૩ માંથી ૬૭ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. સે. ૧૩ માં જ રહેતા અને સે. ૨૮ ની જીઆઈડીસીમાં નોકરી કરતા ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આીસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૧૪ માંથી પણ આજે ૩ કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા ૩ કેસમાં એક વૃદ્ધ દંપત્તિ પણ કોરોનાની ઝપટે ચડ્યુ છે. આ દંપત્તિને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. ૬૦ વર્ષીય ગૃહીણી અને ૬૪ વર્ષીય પુરૂષને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ૪૫ વર્ષીય વેપાર સાથે સંકળાયેલ એક વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૮ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. છેલ્લા થોડાક સમયથી જે રીતે કેસોની સંખ્યા આ સેક્ટરમાં વધતી હતી તેને લઈ તંત્ર ચિંતીત હતુ જ. આજે ૩ કેસ મળ્યા છે. જેમાં બે કેસ મહિલા દર્દીના છે. સે. ૨૮ માંથી ૮૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા-શહેરમાં કેસોની સંખ્યા અને ડિસ્ચાર્જ થયેલાઓના આંકડામાં વિસંગતતા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસ ૧૮ મળી આવ્યા હોવાનું મનપાના તંત્રએ કહ્યુ છે પરંતુ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની સત્તાવાર યાદીમાં આ કેસોની સંખ્યા ૨૮ ની બતાવાઈ છે.

મનપાનું તંત્ર પણ આ સત્તાવાર યાદીના આંકડાઓને લઈ સ્તબ્ધ છે. મનપાના સૂત્રોએ ૧૭ દર્દીઓ રિકવર થયાનું જણાવ્યુ છે જ્યારે સરકારે ૪૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયાનું જણાવ્યુ છે.

મનપાના આંકડાઓમાં જ વિસંગતતા છે એવુ નથી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તંત્રએ ૧૨ કેસ કહ્યા છે તો સરકારે ૧૪ કેસ કહ્યા છે. ડિસ્ચાર્જ થયેલ દર્દીઓ બન્નેએ ૧૮ બતાવ્યા છે.

જિલ્લાના આંકડાઓને સ્વીકારીએ તો ૩૫ દર્દી ડિસ્ચાર્જ થયા છે જ્યારે સરકારના આંકડા પ્રમાણે ૬૫ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૫ હજારને પાર કરી ગઈ છે. જેમાં અત્યાર સુધીમાં ૪૩૨૦ દર્દીઓ કોરોનામુક્ત થયાનું સરકારે જણાવ્યુ છે.

# શહેરના સેન્ટ્રલ વર્જમાં સાઈન બોર્ડની ભરમાર મુલાકાતીઓને મુંઝવણ

**સેકટરોમાં હજુ કેટલાક ઠેકાણે કટાયેલા અને કંગાળ સાઇન બોર્ડસ યથાવત**

ગાંધીનગર તા ૩

શહેરના સેકટરોમાં સાઈન બોર્ડસની ભરમાર જોવા મળે છે. સેકટરોની સાથે હવે મુખ્યમાર્ગ વચ્ચે સ્થિત સેન્ટ્રલ વર્જ પણ વિવિધ પ્રકારના બાર્ડસની ચુંગાલમાં છે. સેન્ટ્રલ વર્જમાં પણ ઠેર ઠેર બાર્ડસ ખડકી દેવાતા મુલાકાતીઓ પણ મુંઝવણ અનુભવે છે. સાઈન બોર્ડસના મામલે તંત્રએ સર્વે હાથ ધરી બિન ઉપયોગી બોર્ડસ દુર કરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

શહેરના સેન્ટ્લ વર્જમાં સાઈન બોર્ડસના ઢગ ખડકાયા છે. એકબાજુ માર્ગ વચાળે સ્થિત ડિવાઈડરમાં સફાઈ અને ટ્રીમીંગના અભાવે પણ વારંવાર સમસ્યા સર્જાતી હોવાનો આક્રોશ નાગરિકો ઠાલવી રહ્યા છે. આવા સંજોગોમાં ઢગલાબંધ સાઈનબોર્ડસ પણ ખડકી દેવાયા છે. બહારથી આવતા મુલાકાતીઓએ કે વાહનચાલકોએ કયાં નજર દોડાવવી તે મામલે પણ મોટી ગુંચવણ ઉભી થાય તેમ છે. સેકટરોમાં સમયાંતરે સાઈન બાર્ડસ પણ નવા મુકવામાં આવે છે. પરંતુ સાઈનબાર્ડને અનુલક્ષીને ભુલોની ભરમાર પણ જોવા મળે છે. સાઈન બાર્ડસ માં ભગો ચિતરાયો હોવાના પણ અનેક કિસ્સાઓ છે. ત્યારે દિશાસુચક બાર્ડ હોવા અનિવાર્ય છે. પરંતુ હાલની સ્થિતિએ શહેરના મુખ્યમાર્ગો પર સાઈનબાર્ડસની ભરમાર જોવા મળે છે. ચોક્કસ અંતરે જરૂરી માહીતી દર્શાવતુ બોર્ડ મુકવાના સ્થાને મનસ્વી રીતે જ સાઈન બોર્ડ મુકી દેવાયા છે. અગાઉ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન મુખ્યમાર્ગોના પ્રવેશદ્વારે ગેન્ટ્રી મુકવામાં આવી હતી. પરંતુ સમય જતા ગેન્ટ્રીની જાળવણી પણ યોગ્ય રીતે ન થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. હાલ શહેરના સેકટરોમાં પણ ઠેર ઠેર સાઈન બોર્ડસ ચિપકેલા જોવા મળી રહ્યા છે.

જયારે મુખ્યમાર્ગો પર સેન્ટ્રલ વર્જમાં પણ સાઈન બાર્ડની ભરમાર જોવા મળે છે. જેના લીધે બિનજરૂરી બોર્ડસ આમ નાગરિકોને ઉપયોગી થવાના બદલે મુંઝવણ રૂપ બન્યા છે. ત્યારે સાઈન બાર્ડના મામલે તંત્રએ સર્વે હાથ ધરીને બિનજરૂરી બાર્ડસ દુર કરવાની અનિવાર્યતા છે. જયારે સેકટરોમાં જુના અને કટાયેલા સાઈન બોર્ડસ દુર કરવાની પણ અનિવાર્યતા છે. આ ઉપરાંત જરૂરી ઠેકાણે દિશા સુચક બોર્ડસ ન હોય તેવા ઠેકાણે નવા બોર્ડસ મુકવાનુ આયોજન પણ અનિવાર્ય બન્યુ છે.

# ચિલોડા-સરખેજ માર્ગનુ કામ જુન ૨૦૨૧માં પૂર્ણ થઈ જશે

**કોરાના કાળમાં ત્રણ મહીના સુધી કામગીરી મંદ પડી ગઇ : હાલ ઘ-૦ ઉવારસદ , સરગાસણ બ્રિજની કામગીરી પુરજોશમાં : ટુંકમાં જ આ ત્રણેય ઓવરબ્રિજ પણ તૈયાર થઇ જશે**

ગાંધીનગર તા ૩

ચિલોડા સરખેજ માર્ગનુ કામ હાલ પુરજોશમાં ચાલી રહ્યુ છે. રૂટમાં આવતા ઓવરબ્રિજનુ કામ પણ ગતિમાં ચાલી રહ્યુ છે. જેમાં સરગાસણ ,ઉવારસદ અને ઘ-0 ના બ્રિજનુ કામ પણ નજીકમાં પુર્ણ થશે ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટનુ કામ કોરાના કાળ દરમિયાન મંદ થઈ ગયુ હતુ પરંતુ આગામી જુન ૨૦૨૧ સુધીમાં કામ પુર્ણ થઈ જશે. સરગાસણ બ્રિજના કામને અનુલક્ષી ડાયવર્ઝન અપાયુ છે. ત્યારે આગામી જાન્યુઆરી મહીનાના અંતે સુધીમાં બ્રિજ તૈયાર થઈ જતા નગરના પ્રવેશદ્વાર પાસે ટ્રાફિકનો સિનારીયો બદલાશે.

ચિલોડા સરખેજ માર્ગને અપગ્રેડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે આ પ્રોજેકટને અનુલક્ષીને રૂટમાં વિવિધ ૭ ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવનાર છે. ત્યારે હાલ આ બ્રિજનુ કામ પણ પુરજોશમાં ચાલી રહ્યુ છે. શહેરમાં ઘ-0 , સરગાસણ તેમજ ઉવારસદ ચોકડી પાસે પણ આ પ્રોજેકટ અન્વયે ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યો છે. હાલ આ પ્રોજેકટમાં ઓવરબ્રિજનો અનુલક્ષીને સરગાસણ પાસે ડાયવર્ઝન અપાયુ છે. જેના લીધે હાલ ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટના આડે ત્રણ મહીના સુધી કોરોનાનુ ગ્રહણ લાગ્યુ હતુ જેના લીધે માર્ગને અપગ્રેડ કરવાની કામગીરી પણ મંદ પડી ગઈ હતી કોરોના કાળમાં મજુરોને લઈને પ્રશ્નો પણ ઉભા થયા હતા જો કે છેલ્લા બે મહીનાથી ચિલોડા સરખેજ માર્ગનુ કામ ધમધમાટ ચાલી રહ્યુ છે. જેના લીધે નવેમ્બર મહીનાના અંતે સુધીમાં કેટલાક ઠેકાણે ઓવરબ્રિજ પણ તૈયાર કરી દેવાશે. જયારે જાન્યુઆરી મહીનાના અંતે સુધીમાં

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણ વિસ્તારમાં સંક્રમિત દર્દીઓ કરતાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓ વધુ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યામાં ઘટાડો થયો છે. આજે ૧૨ કેસ મળ્યા છે જેમાંથી સાત કેસ માણસા તાલુકામાંથી મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં જે સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે તે નોંધનીય અને ચિંતાજનક છે. ગ્રામીણ વિસ્તારમાં પણ હવે દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા છે તેથી તંત્રની કામગીરીનું ભારણ વધ્યુ છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૪, કલોલમાં ૧ અને માણસામાંથી ૭ કેસ મળી આવ્યા છે. જો કે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧૪ કેસ નોંધાયા હોવાનું જણાવ્યુ છે. આજે નોંધાયેલ કેસોમાં ૩ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના ભાટ ગામેથી ૨૭ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

રાંદેસણ ગામમાં એક કર્મયોગી દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ છે. ૩૨ વર્ષીય કર્મયોગી અને ૨૬ વર્ષીય મહિલા કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સરગાસણ ગામેથી પણ એક ૪૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ તાલુકાના છત્રાલ ગામેથી ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકામાંથી આજે સાત કેસ મળી આવ્યા છે. જેમાં પાંચ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

ચરાડા ગામેથી મજૂરી કામ કરતા ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ઈટાદરા ગામેથી આજે બે કેસ મળ્યા છે. જેમાં ૭૦ વર્ષીય પુરૂષ અને ૩૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

બદપુરા ગામેથી ૫૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ધોળાકુવા ગામેથી ૭૪ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા અર્બન વિસ્તારમાંથી પણ બે કેસ મળી આવ્યા છે. ૬૬ વર્ષીય પુરૂષ અને ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકામાં કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સત્રોએ રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં જણાવ્યુ છે કે આજે ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. જિલ્લામાં આ સાથે ૨૪૦૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૪૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૩૯૩૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

**જિલ્લામાં નવા ૧૨ કેસ, ગાંધીનગરમાં ૪, માણસામાં ૭ તો કલોલમાં ૧ કેસ નોંધાયો**



પ્રવાસન ધામની મરામત - ગાંધીનગર જિલ્લાની અડાલજની પ્રસિદ્ધ વાવની મરામતની કામગીરી હાથ ધરાઈ છે... હજારો પ્રવાસીઓ ઐતિહાસિક અડાલજ વાવની મુલાકાતે આવતા હોય છે... ત્યારે છેલ્લા કેટલાય વર્ષોથી મરામતની જરૂરિયાત સર્જાઈ હતી... તે કામગીરી હમણાં આરંભાઈ છે...

# ટ્રાફિકના ધમધમાટ વચ્ચે ગ-માર્ગ પર વચાળે જ ગાબડા

ગાંધીનગર તા ૨

શહેરના ગ માર્ગ પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. ઘ માર્ગ પર ડાયવર્ઝન અપાયા બાદ આમ પણ ગ માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ વધ્યો છે. પરંતુ ગ માર્ગ પર એકબાજુ વાઈડનીંગનુ કામ ચાલતુ હોવાથી રોડ સેફટીના પરિબળોને અનુલક્ષી અનેક સવાલો મંડરાયા છે. ત્યારે હવે માર્ગ વચાળે પણ ગાબડા જોવા મળતા રોડ સેફટી વધુ જોખમાઇ છે. ગ માર્ગ પર વચાળે જ મોટા ગાબડા જોવા મળી રહ્યા છે ત્યારે આ જોખમી સ્થિતિને ડામવા માટે ત્વરિત કામ હાથ ધરવામાં આવે તે અનિવાર્ય છે.

શહેરના ગ માર્ગને સિક્સલેન બનાવાની કામગીરી ચાલી રહી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા માર્ગોની બન્ને બાજુ ખોદકામ કરી દેવાયુ છે. ખોદકામ અને માટી પુરાણની સાથે મેટલનુ કામ કરી દેવાયા બાદ હવે માર્ગ પર ડામર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. ગ માર્ગને સિકસલેન બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. બીજીતરફ શહેરના મુખ્ય ઘ માર્ગ પર ડાયવર્ઝન અપાયુ છે. જેના લીધે શહેરમાં આમ પણ છેલ્લા ઘણાં સમયથી ટ્રાફિકનો

● અનુસંધાન પાન-૭ પર


**SHARE INDIA SECURITIES LIMITED**
CIN: L67120GJ1994PLC115132
Registered Office: Unit No. 604A-B, 605A-B, 6th Floor, Tower A, World Trade Centre, Gift City, Block-51, Zone-5, Road 5E, Gift City, Gandhinagar, Gujarat-382355; Tel: 011-43011000
E-mail ID:vikas_cs@shareindia.com Website: www.shareindia.com
Share India — You generate, we multiply

**NOTICE**

Notice is hereby given that a meeting of Board of Directors of the Company is scheduled to be held on Wednesday, 11th day of November, 2020 at 14, Dayanand Vihar, Vikas Marg Extn., Delhi-110092, inter alia, to consider and approve the unaudited Standalone and Consolidated Financial Results of the Company for the Quarter and Half year ended 30th September, 2020.
(This Notice is also available on the website of the Stock Exchanges, where the Shares of the Company are listed i.e., www.bseindia.com, www.nseindia.com and on Company's website www.shareindia.com)

For Share India Securities Limited
Sd/-
Vikas Aggarwal
Company Secretary & Compliance officer
Place: Delhi
Date: 03.11.2020

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
SURMOUNT HOSPITAL
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com